## જન્મદિને વધામણી


હની રાજેશસિંહ રાઠોડ
મો. ૯૯૭૮૪ ૭૦૬૧૫


તપન શેઠ
પેઈન્ટર


ધવલસિંહ ગણપતસિંહ વાઘેલા
મો. ૯૮૨૪૨ ૩૬૨૪૧


નેન્સ પટેલ
કોંગ્રેસ કમિટી મેમ્બર


રઈસ મહીડા
રોયલ સુઝુકી


ગૌતમ બોરીચા
સભ્ય ભાજપ


પેરીશ જોશી
પત્રકાર

# ચિત્રલેખા સ્પર્ધામાં ગાંધીનગરના નાટકને ૪ પારિતોષિક





ગાંધીનગર, તા. ૨૧
ગુજરાતી નાટકો માટેની ખ્યાત ચિત્રલેખા સ્પર્ધામાં ગાંધીનગરના નાટકને ૪ પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

ગાંધીનગરના યુવા દિગ્દર્શિત પાલા ગઢવી દિગ્દર્શિત નાટક ‘શેતલને કાંઠે’ ચિત્રલેખાની ફાઈનલ સ્પર્ધામાં અંધેરી કલ્ચરલ સેન્ટર, મુંબઈ ખાતે ભજવાયું હતું. સ્પર્ધાના અંતે નાટકને ૪ પારિતોષિક પ્રાપ્ત થયાં હતાં. ગાંધીનગરના યુવા અભિનયકર્તા નિરવ વૈદ્ય, જૈની વસાવડા, શ્રુતિ ત્રિવેદી, ધવલ ઠક્કર અને પાલા ગઢવીએ સંત શિરોમણી પૂ. મોરારિબાપુના હસ્તે આ પારિતોષિક પ્રાપ્ત થયાં હતાં. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેરના કોઈ નાટકને ચિત્રલેખા સ્પર્ધામાં કોઈ પારિતોષિક મળ્યું હોય તેવી આ પહેલી ઘટના છે. ચિત્રલેખા નાટ્યસ્પર્ધામાં કુલ ૫૧ નાટકો ગુજરાત અને મુંબઈમાંતી આવ્યાં હતાં, જે પૈકી ૨૪ નાટકો પ્રથમ રાઉન્ડમાં ભજવાયાં હતાં. એમાં પસંદગી પામી શેતલને કાંઠે નાટક મુંબઈ ખાતે ફાઈનલ સ્પર્ધામાં ભજવાયું હતું અને તેણે ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું. કુમકુમ કલા ગૃપના બૅનર તળે ઝવેરચંદ મેઘાણીની કથાના આધારે ચં. ચી. મહેતા લિખિત અને પાલા ગઢવી દિગ્દર્શિત નાટક ‘શેતલને કાંઠે’માં જૈની વસાવડા, નીરવ વૈદ્ય, નીરાલી જોષી, મોના રાવલ, ધવલ ઠક્કર, શ્રુતિ ત્રિવેદી, જુહી પરમાર, હર્ષ ઠક્કર, પાલા ગઢવી, મયુર અમીન, રાજન નિનામા, સુરેન્દ્રસિંહ પરમાર, ધ્વનિ ત્રિવેદી, પ્રફુલ્લાબેન ખંધડિયા, કીર્તિબેન જોષી, અલ્પાબેન ત્રિવેદીએ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં.

## ઈટાદરામાં વિદ્યાર્થીઓની ‘બેટી બચાવો’ રેલી



નૅશનલ ગર્લ ચાઈલ્ડ વીક-૨૦૧૬ની ઉજવણીના ભાગરૂપે જિલ્લાના ઈટાદરા ગામ ખાતે કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સૌજન્યથી ઍમ ઍમ પટેલ માધ્યમિક શાળા, ઈટાદરાના વિદ્યાર્થીઓએ રેલીનું આયોજન કર્યું હતું. રેલીનું પ્રસ્થાન તાલુકા સદસ્ય, જિલ્લા આઈઈસી ઑફિસર, શાળાના આચાર્ય અને તબીબી અધિકારી દ્વારા લીલી ઝંડી ફરકાવીને કરાવવામાં આવ્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓએ ‘બેટી બચાવો’ના સંદેશ આપતાં પ્લે-કાર્ડ્સ પ્રદર્શિત કર્યાં હતાં અને આ અંગે જાગૃતિ પ્રસારિત કરતાં સૂત્રોનું ઉચ્ચારણ પણ કર્યું હતું.

## મહર્ષિ અત્રી માધ્યમિક શાળા ખાતે શિયાળુ રમતોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા. ૨૧
ગાંધીનગર-મહુડી રોડ પર પીપળજ ગામે કાર્યરત મહર્ષિ અત્રિ પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલય ખાતે શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

માટલા ફોડ, કોથળા દોડ, રીલે દોડ, ત્રિપગી ચાલ, ચૉકલેટ શોધ, લાંબી કૂદ, ઊંચી કૂદ, વૉલીબૉલ તથા કબડ્ડી જેવી રમતોનું આયોજન આ રમતોત્સવ અંતર્ગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ખેલદિલીથી આ સ્પર્ધાઓમાં જોડાઈ રમતનો આનંદ લીધો હતો.

વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી સંચાલક ભરતભાઈ હુમ્મર તથા આચાર્ય ભરતસિંહ રાઠોડ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઍરલિફ્ટ
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૨.૧૫, ૩.૧૫,
૬.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૩**
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૫.૦૦, ૧૦.૦૦


**સ્ક્રીન-૪**
ઍરલિફ્ટ
૨.૩૦, ૭.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
સવારે ૧૦.૦૦
વઝીર
રાત્રે ૧૦.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
રોમાંસ કોમ્પ્લીકેટેડ (ગુજ)
૧.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
સવારે ૧૦.૦૦, ૪.૪૫
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૨.૧૫, ૭.૩૦

**સ્ક્રીન-૬**
વઝીર
૪.૦૦
બાજીરાવ મસ્તાની
૭.૦૦
ક્યા કૂલ હૈ હમ-૩ (એ)
૧૧.૧૫
ઍરલિફ્ટ
રાત્રે ૯.૩૦

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની બે વિદ્યાર્થીનીઓને રાજ્ય ઍનઍસઍસ ઍવૉર્ડ





ગાંધીનગર, તા. ૨૧
અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની સ્વયંસેવક બે વિદ્યાર્થીનીઓની પસંદગી રાજ્ય ઍવૉર્ડ માટે કરવામાં આવી છે.

સમગ્ર રાજ્યમાંથી ૪ ભાઈઓ અને ૪ બહેનોની પસંદગી આ ઍવૉર્ડ માટે કરવામાં આવતી હોય છે, જે પૈકી કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની બે વિદ્યાર્થીનીઓની પસંદગી કરવામાં આવી છે. ગાયત્રી પંચાલ અને શ્વેતા સણોલની પસંદગી આ ઍવૉર્ડ માટે રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવી છે.

કૉલેજ અને વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધારનારી આ બંને વિદ્યાર્થીનીઓને ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ માર્ગદર્શન આપ્યું હતું. બંને વિદ્યાર્થીનીઓને કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા, ડૉ. રણછોડ રથવી અને સમગ્ર કૉલેજ પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## ચૌધરી વિદ્યાલય ખાતે સ્વ. જીવણભાઈની શ્રધ્ધાંજલિ સભા

### વિદ્યાર્થિની ઋતુ ચૌધરી અને શિક્ષક રમીલાબેને સ્વ. જીવણભાઈ ચૌધરીના જીવન કવન અંગે વાત કરી

ગાંધીનગર, તા. ૨૦
શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) શાળા ખાતે શાળાના આદ્યસ્થાપક શેઠ જીવણભાઈ માધાભાઈ ચૌધરીની પુણ્યતિથિ નિમિત્તે શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળામાં પ્રાર્થના સભા આયોજિત કરવામાં આવી હતી. સૌપ્રથમ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સદ્‌ગતના આત્માની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના, ભજન અને શ્રધ્ધાંજલિ ગીત પ્રસ્તુત કર્યું હતું. શાળામાં ધોરણ ૯ બીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઋતુ ચૌધરી અને શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક રમીલાબેને સ્વ. જીવણભાઈ ચૌધરીના જીવન કવન અંગે વાત કરી તેમનાં સ્મરણો સભા સમક્ષ મૂક્યાં હતાં અને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ખેલ મહાકુંભમાં લીંબોદરા સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૨૧
ખેલ મહાકુંભની કલોલ તાલુકાની ચૅસ અને યોગાસન સ્પર્ધા બાલવા ખાતે યોજાઈ હતી, જેમાં લીંબદોરા સ્કૂલના પ્રાથમિક વિભાગમાંથી અન્ડર-૧૩ વિભાગમાં ક્રિના પટેલ અને ધૃવ પટેલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ચૅસમાં દિયા પટેલે પ્રથમ તથા યોગાસનમાં રિયા ગોસ્વામી અને જાસ્મીત વસાવાએ બીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સઘળા વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે પોતાની ઉમેદવારી નિશ્ચિત કરી હતી. આ વિજેતા ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય તેજસિંહ પરમારે વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# તેરી કાયા નગર કા કોણ ધણી, મારગમાં લૂટે પાંચ જણી


પ્રસંગસર
કુંતલ નિમાવત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, વિશ્વગ્રામ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને ગાંધી મિત્ર વર્તુળના સંયુક્ત ઉપક્રમે બુધવારે સાંજે શેઠ ખીમજી વિસરામ ઍન્ડ સન્સ સંસ્કાર ભવન, સૅ-૨૩ ખાતે ‘કબીર ગાન’ના એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં કબીરની ફિલસૂફી અને બે ગાયકો - શબનમ વિરમાણી, વિપુલ રીખીએ શ્રોતાઓને એવા તો રસ તરબોળ કર્યા કે આ કાર્યક્રમ એ એમના માટે આજીવન સંભારણું બની રહ્યો.

કાર્યક્રમના આરંભ પહેલાં માઈક સૅટીંગ વખતે શબનમજીનો નાનકડો આલાપ સાંભળીને જ શ્રોતાઓ સ્થિર થઈ ગયા હતા. અને કાર્યક્રમ શરૂ થયા પછી એમણે ગાયકી શરૂ કરી ત્યારે તો શ્રોતાઓ એમના પ્રભાવમાં આવી ગયા હતા.

કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્ય અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના મૅનેજમૅન્ટ વિભાગના ડીન ડૉ. ભાવિન પંડ્યાના સ્વાગત પ્રવચનથી થયો. એમણે મંચસ્થ અતિથિઓનો પરિચય આપ્યો, જેમાં રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ પી કે લહેરી, વિશ્વવિદ્યાલયના રજિસ્ટ્રાર ઍસ કે મંત્રાલા, વિશ્વગ્રામના સંચાલક સંજય ભાવસાર, કવિ-લેખક ધ્રુવ ભટ્ટ અને વીપીઍમપી પોલિટૅકનીકના દાતા વિષ્ણુભાઈ પટેલ સામેલ હતા.

એ પછી સંજય ભાવસારે શબનમ વિરમાણી અને વિપુલ રીખીનો પરિચય આપતાં જણાવ્યું કે ગાંધીનગરમાં કબીર ગાનનો આ આઠમો પડાવ છે. આ પહેલાં પાલનપુર, ઊંઝા, કડી, ડીસા, લોક નિકેતન, સેદ્રાણા, મહેસાણા વિગેરે સ્થળોએ કબીર ગાનના સફળ પ્રયોગો થઈ ચૂક્યા છે.

પી કે લહેરીએ કબીરનો પરિચય આપતાં જણાવ્યું કે, કબીરની ફિલસૂફી અને દાર્શનિક જગતમાં એમનું યોગદાન અનન્ય છે. ઓશો રજનીશે કબીરનાં સર્જનોનો વિસ્તૃત અર્થ પણ દુનિયા સામે આણ્યો હતો અને આ સર્જનોનો દર્શન શાસ્ત્ર સાથે નાતો પણ જોડી આપ્યો હતો. રજનીશના મતે, ‘કબીરના શબ્દો કે ભાષા પર જશો તો ત્યાં જ અટકી જશો, પણ એના તત્ત્વને પામશો તો તે અવશ્ય તમને અસર કરશે.’

કબીર એક વણકર દંપતિ (નીરુ-નીમા)ને લહરતારા તળાવ પાસે મળી આવ્યા હતા, જેમણે તેમનો ઉછેર પોતાના સંતાન તરીકે કર્યો હતો. રામાનંદજી કબીરના ગુરુ. કબીર ભણેલા નહોતા, પરંતુ પોતાનું વણાટકામ કરતાં-કરતાં એ પદો રચતાં, ગીતો ગાતા. એમનાં પત્ની ‘લોઈ’એ આ બધું લખી લીધું હતું અને ધર્મદાસ દ્વારા તે જગતનો અર્પણ કરવામાં આવ્યું. કબીરે પોતે જ કહ્યું છે : ‘મસી કાગદ છુવો નહીં, કલમ ગહી નહીં હાથ; ચરીયુ જુગ કો મહાતમ, મુખહી જનાયો બાત’

(કાગળ-કલમને ક્યારેય હાથ નથી લગાડ્યો, જે કહેવું હતું જગતને એ મુખેથી જ કહ્યું છે)

કબીરનો જીવનકાળ ૧૨૦ વર્ષ (૧૩૯૮-૧૫૧૮)નો મનાય છે. આ દરમ્યાન એમણે વિપુલ સર્જન કર્યું છે. કબીરનો તર્ક ધારદાર છે, એમની ઉપમા અસરકારક છે અને એમનાં ઉદાહરણો સચોટ છે. જનજીવન ઉપર કબીરનાં પદોનો પ્રભાવ ઘણો છે. કદાચ શહેરી વિસ્તારોમાં આ અસર ઓછી જોવાઈ છે, પરંતુ ગ્રામ વિસ્તારોમાં આ અસર મહત્તમ છે.

ગાંધીજીના મતે, ‘કબીરજીએ જે સર્જન કર્યું છે એ એમના મનની મસ્તીનું પરિણામ છે.’ એમનાં સર્જને દર્શનશાસ્ત્રને જે ઊંચાઈ બક્ષી છે એ અપ્રતિમ છે, એમનાં સર્જનો માનવજાતને સત્ય પામવા માટે આગળ કરી છે. શીખ ધર્મમાં અકાલ (સત્ય)ની ઉપાસનાનો મહિમા છે. આ ધર્મના ગ્રંથ ગુરુ ગ્રંથ સાહેબમાં કબીરની સૌથી વધુ રચનાઓ (૫૦૦) સમાયેલી છે. કબીરની રચનાઓ માનવીના અંતરની પાંખડીઓને ખોલવાનું કામ કરે છે. અને આ રચનાઓની ખૂબી એ છે કે એમને થોડી પણ વાંચવામાં આવે તોય એમાંથી ગ્રહણ કરવાનું ઘણું મળે છે. એકપણ અક્ષર ભણ્યા વિનાનો અભણ માણસ પોતાની વાત રજૂ કરે અને તોય માનવજાતને એમાંથી સંદેશ મળે એ વાત ખરેખર અદ્‌ભૂત છે, એમ જણાવી પી કે લહેરીએ શ્રોતાઓમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંદેશો આપ્યો હતો કે કબીરને ભલે થોડું વાંચજો પણ એ પછી ખુમારીથી ને બૂલંદીથી જીવશો તો કબીરને વાંચ્યા સાર્થક ગણાશે.

કબીરનું દર્શનશાસ્ત્ર ઉચ્ચકક્ષાનું હતું, પણ તેઓ મૌનનુંય મહત્ત્વ સમજ્યા હતા. કબીરનો વારસો ગુજરાતમાં સચવાયો છે. કબીર પંથ અને રવિ ભાણ સંપ્રદાયના માધ્યમથી એમનો વારસો અહીં જીવંત છે એમ તેમણે જણાવ્યું હતું.

અહીં ડાયસ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ અને મુખ્ય કાર્યક્રમ શરૂ થયો. સંચાલન સંભાળ્યું શબનમ વિરમાણીએ. મધુરા સ્મિત સાથે એમની મીઠી વાણી જ શ્રોતાઓને આકર્ષિત કરી ગઈ. અને એમણે ભજનો ગાયાં ત્યારે તો પ્રેક્ષકો અભિભૂત થઈ ગયા. બધું મળીને સાત ભજનો બંને ગાયકોએ સાથે મળીને ગાયાં અને કબીરના ઢગલાબંધ દોહાઓ રજૂ કર્યા. પરંતુ આ બે ગાયકોએ ત્રણ વાદ્યોથી જે મીઠાશ કાનમાં ઘોળી છે એ અંતર સુધી પહોંચી ગઈ છે. જી હા, માત્ર ત્રણ જ વાદ્યો - તંબૂરો, કરતાલ અને મંજીરાં. સાતેય ગીતો બંને ગાયકોએ સાથે જ ગાયાં પણ તેમ છતાં જ્યાં પોતાની અલગ છાપ છોડવી હતી ત્યાં એ બંને ગાયકો છોડીને જ રહ્યાં. ઉત્તર-મધ્ય ભારતના શ્રેષ્ઠ, નીવડેલા ભજનીકની માફક વિપુલ રીખીએ ગાયકી કરી હતી તો શબનમ વિરમાણીએ સૂફી ગાયકીનો અંદાઝ આત્મસાત કર્યો હતો. અલબત્ત, એમની ગાયકીમાં લખનૌ ઘરાનાની છાંટ સાફ વર્તાતી હતી. મધુરા અવાજે મીઠા અવાજથી એ બોલવાનું શરૂ કરતાં તો એમ થતું કે એ બોલ્યા જ કરે તો સારું અને જ્યારે ગાવાનું શરૂ કરતાં ત્યારે એમ થતું કે ગાવાનું બંધ ન કરે તો સારું.

‘તેરી કાયા નગર કા કોણ ધણી, મારગમાં લૂટે પાંચ જણી’ એ એમનું પહેલું ભજન. એવું જમાવટથી બંનેએ ગાયું કે શ્રોતાઓ આ પહેલા જ ગીતથી ટ્રાન્સમાં આવી ગયા. પહેલાં એ ગીતની પંક્તિઓનો ભાવાર્થ સમજાવે ને પછી દોહાઓ લલકારે ને ગીત ગાય. આ ક્રમ એવો સરળતાથી શ્રોતાઓને ગળે ઊતરી ગયો કે શ્રોતાઓ એના ઊંડાણમાં મોજથી ડૂબતા રહ્યા. આ રસાસ્વાદ લખી રહ્યો છું તોય એ કબૂલ કરું છું કે આ આનંદ તો અનુભૂતિનો છે, એને માણ્યો હોય એ જ એની મોજ જાણે. આ કાર્યક્રમમાં જે મોજ માણવા મળી છે એ શબ્દોમાં વર્ણવવી શક્ય નથી. આ કાર્યક્રમ નગરમાં કોઈ મોટી સંસ્થાએ આયોજિત કરવા જેવો છે અને સંગીત, ફિલસૂફીના ચાહકોને યાદ કરી-કરીને કાર્યક્રમમાં નોતરવા જેવા છે, તો કાર્યક્રમને સાર્થકતા અને બંને ગાયકોને યોગ્ય સલામ, પ્રતિસાદ મળશે એવું હું દૃઢપણે માનું છું.



**કાર્યક્રમ દરમ્યાન ગવાયેલાં ભજનો અને દોહા**

- તેરી કાયા નગર કા કોણ ધણી, મારગમાં લૂટે પાંચ જણી
- ગોવિંદો ગાયો નહીં, તુને ક્યા કમાયો બાવરા
  એરણ કી ચોરી કરી રે કિયો સૂઈ કો દાન
- મગન ભયી હો લાડલી મગન ભયી
  પિયા કી સુરતીયા હો દેખ મગન ભયી
- આરી ગગનમાં જ્યોત જલત હૈ
  એનો અખંડ ભયો અજવાળો ગગનમાં
- ઐસી મારી પ્રીત નિભાવજો
  ઓ મેરે બન, કા હો રામ
  ઓ દુર્બલ, કા હો રામ, ભવ-સાગર મેં ભૂલો મતિ
- લેના હૈ સો લીજે મારા ભાયડા
  અબ રૈના હુએ સો લેજે મારા ભાયડા રે
  જાજો જાજો રે ભાઈ મારા જાજો , ઈના સમુંદર પાર
  મોતીડાં લાજો રે સાધો, અણવિંધ્યા હો રે
- જબ મૈં થા તબ હરી નહીં, અબ હરી હૈ, મૈં નહીં
- કહેના થા સો કહે દિયા, અબ કુછ કહા ના જાય
  એક રહા દુજા ગયા, દરિયા લહેર સમાય
- મેરા મુજમેં કુછ નહીં, જો કુછ હૈ સો તોર
  તેરા તુજકો સોંપતે, ક્યા લાગે હૈ મોર
- કબીર કબીર ક્યા કરો, સોચો આપ શરીર
  પાંચ ઈન્દ્રી વશ કરો, તો આપ હી દાસ કબીર
- મૈં મૈં બડી બલાઈ હૈં, સકાય તો નીકસો ભજી
  કબ લગ રાખો એ સખી, રૂઈ લપેટી આગ
- બડા બડાઈ ના કરે, બડા ના બોલે બોલ
  હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ
- કાગઝ કેરી નાવ હૈ, પાની કેરી ગંગ
  કહે કબીર કૈસે તીરું, યે પાંચ કુસંગી સંગ
- લિખા લિખી કી નહીં, દેખા દેખી બાત
  દુલ્હા-દુલ્હન મિલ ગયો તો ફિકી પડી બારાત
- જો ઘટ પ્રેમ ના સંચરે, વો ઘટ જાન સ્મશાન
  જૈસે ખાન લોહાર કી, વો શ્વાસ લેત બિન પ્રાણ
- પ્રેમ ના બાડી ઉપજે, પ્રેમ ના હાટ બિકાય
  બિના પ્રેમ કા માનવા, બંધીયા જમપુર જાય
- સાહેબ તમારી સાહેબી, સબ ઘટ રહી સમાય
  જ્યો મહેંદી કે પાત મેં, લાલી લખી નહીં જાય
- બિન પાંવ કા પંથ હૈ, બિન બસ્તી કા દેશ
  બિના પિંડ કા પુરુષ હૈ, કહે કબીર સંદેશ